નં. બમશ-૧૧૨૦૦૦-૭૪૧-ગ
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૦/૯/૨૦૦૦

પ્રતિ,
કમિશનરશ્રી,
મધ્યાહન ભોજન અને શાળાઓ,
ગુ.રા. ગાંધીનગર.

વિષય :- ગ્રાન્ટની નવી નીતિનો અમલ કરવા

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના શિક્ષણ વિભાગના તા. ૩૦/૬/૯૯ તથા તા ૨/૭/૯૯ના ઠરાવ ક્રમાંક બમશ-૧૧૯૯-૭૪૧ (૧), (૨), (૩), (૪), ગના તરફ આપનું ધ્યાન દોરવામાં આવે છે. સરકારે જુન-૧૯૯૯થી ઉપરોક્ત હુકમોથી નવી ગ્રાન્ટ નીતિ અમલમાં મુકેલ છે. આ અગાઉ ગ્રાન્ટની જોગવાઈ માટે જુદાજુદા હુકમો અમલમાં હતા. સરકારના ધ્યાને ઉપર આવેલ છે કે અમુક કિસ્સાઓમાં જુના હુકમોનો અમલ કરવામાં આવેલ છે. જ્યારે અમુક કિસ્સાઓમાં નવા હુકમોનો અમલ કરવામાં આવે છે. જે વહીવટી દષ્ટિએ યોગ્ય નથી. તેથી જુન -૧૯૯૯થી અમલમાં આવેલ નવા હુકમોનો અમલ કરવાનો રહે છે. અને જુના હુકમો જ્યાં આ હુકમોથી વિરૂદ્ધ હોય અથવા અલગ પડતા હોય ત્યાં જુના હુકમો આપોઆપ રદ થયેલા ગણાય. તેવી સ્પષ્ટતા જિલ્લા શિક્ષણાધિકારીઓને કરી અને આખાં રાજ્યમાં એક સરખી નીતિનો અમલ થાય તો જોવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
બી.કે. ભટ્ટ
ઉપસચિવ, શિક્ષણ વિભાગ.